**સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૦૬/૨૦૧૯**
**આંક -50**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૦૬/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 06 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | શારદાબેન મનુભાઈ પરમાર | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૪૫ | વરસની | ધંધો | ઘરકામ |
| રહેવાનુ | કુચાવાડા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | વી.બી.કંસારા.. |

(૧) હું અભણ છું. મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. મારે સંતાનમાં ત્રણ દિકરા છે.

(૨) બનાવને છ થી સાત વર્ષ જેટલો સમય થયેલો છે. બનાવ સમયે હુ તથા મારા પતિ મારા ઘરે હતા. તે દરમિયાન મારા કાકા સસરાના છોકરાની વહુ મંજુબેને ફોન દ્વારા અમારી બાજુમાં રહેતા જેબરબેનને જાણ કરેલી અને જેબરબેને અમને બાલાવીને કહેલ કે, તમારા પ્લોટમાં આવેલ ગૌચરની જમીન ઉપર આવેલ સીમેન્ટના થાંભલા અને કાટાવાળી વાડને ત્યાં વીસથી પચ્ચીસ માણસોએ આવીને તોટી ભાંગી નાંખેલ છે તો તમે આવો. તે સમયે મારા ઘરવાળા ડે.સરપંચ મથુરભાઈ સેધાભાઈને આ બનાવની જાણ કરવા ગયેલા અને હું તથા મારા પતિ અને આજુબાજુવાળા બધા બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યાં હાજર અમીચંદ વણાભાઈની છોકરાની વહુએ કોડા અહીયા રહેવા જોઈએ નહીએ ઘરની

સાહેદની સહી............................

બહાર નીકળી જાઓ તેવુ અમો બધાને કહેલ અને ધમકીઓ આપેલ અને કહેલ કે આ પ્લોટમાંથી નીકળી જાઓ. ત્યારબાદ આ લોકો પાંચ દિવસ પછી આવેલા જેમાં પ્રકાશભાઈ અમીચંદભાઈ અને ભરતભાઈ અમીચંદભાઈ તેમણે કહ્યુ કે આ પ્લોટ અમારો છે મે કીધુ કે આ પ્લોટ અમારો છે. આ લોકો દ્વારા અમારા ચાર થાંભલા પાડી નાંખવામાં આવેલા. જે એક થાંભલા હજાર લેખે અમોને ચાર થાંભલાનું ચાર હજારનું નુકશાન થયેલું. આ બનાવની ફરીયાદ મારા ઘરવાળાએ આપેલી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી. બનાવ સમયે આખી ટોળી આવેલી અને તે સમયે મે આરોપીઓ પૈકી ટીકાભાઈ ઝવેરભાઈ, અજયભાઈ બાબુભાઈ, સુરેશભાઈ વાહજીભાઈ આ લોકોના નામ જાણેલા. આરોપીઓ પૈકી હું ભીખાભાઈ ઝવેરભાઈને જોયે ઓળખુ છુ બીજા આરોપીઓને જોયે ઓળખી શકુ નહી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.બી.એલ.પ્રજાપતિ..</u>**

(૩) એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદન લખાવેલ નથી કે ,'' તે દરમિયાન મારા કાકા સસરાના છોકરાની વહુ મંજુબેને ફોન દ્વારા અમારી બાજુમાં રહેતા જેબરબેનને જાણ કરેલી અને જેબરબેને અમને બાલાવીને કહેલ કે, તમારા પ્લોટમાં આવેલ ગૌચરની જમીન ઉપર આવેલ સીમેન્ટના થાંભલા અને કાટાવાળી વાડને ત્યાં વીસથી પચ્ચીસ માણસોએ આવીને તોટી ભાંગી નાંખેલ છે તો તમે આવો. તે સમયે મારા ઘરવાળા ડે.સરપંચ મથુરભાઈ સેધાભાઈને આ બનાવની જાણ કરવા ગયેલા અને હું તથા મારા પતિ અને આજુબાજુવાળા બધા બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યાં હાજર અમીચંદ વણાભાઈની છોકરાની વહુએ કોડા અહીયા

સાહેદની સહી............................

રહેવા જોઈએ નહીએ ઘરની બહાર નીકળી જાઓ તેવુ અમો બધાને કહેલ અને ધમકીઓ આપેલ અને કહેલ કે આ પ્લોટમાંથી નીકળી જાઓ. '' એ વાત ખરી છે કે બનાવ વખતે હું મારા ઘરે હતી. એ વાત ખરી છે કે બનાવ નજરો નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ મારા ગામના હોય જેથી હું ઓળખુ છું.

**ઉલટતપાસ પુરી.**

**વધુ ઉલટતપાસ નથી.**

**ફેર તપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૪/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................